| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૧૧/૧૦/૨૦૨૩  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૬૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૪૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૭ બિયર ટીન અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૬૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-  સમાચાર યાદી નં.૧૬૭૫/૨૦૨૩

**કાલુપુરઃ** જગદિશ મુગટલાલ ભાલાણી (ઉ.વ.૬૫)(રહે.નિમિશા એપાર્ટમેન્ટ હીરાબાગ ક્રોસીંગ પાસે, આંબાવાડી, એલીસબ્રિજ) એ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૩ થી તા.૧૮/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર પ્રતાપ સિનેમાની ગલી, ગાંધીરોડ, કુવારા ખાતે "સીંધવી માં જવેલર્સ" નામની જગદિશ ભાલાણીની દુકાન ખાતે કારીગર તરીકે કામ કરતો આરોપી સૈફુલ સ/ઓ અબ્દુલખયૈર શેખ (ઉ.વ.૨૫)(મુળ રહે. કુલબતપુર હુગલી પશ્ચિમ બંગાળ) એ જગદિશ ભાલાણીને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી ૩૯૫ ગ્રામ ૨૪ કેરેટ સોનુ કિંમત રૂપિયા ૨૪,૧૦,૦૦૦/- સોનાના દાગીના બનાવવા સારૂ મેળવી લઇ, દાગીના નહી બનાવી આપી, સોનુ લઇ નાસી જઇ જગદિશ ભાલાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ડાહ્યાભાઇ ઘેલાભાઇ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ગાંડાભાઇ ગણેશભાઇ રબારી (ઉ.વ.૪૮)(રહે.શિતળા ફાર્મની બાજુમાં, ભરત કોટકની ખુલ્લી જગ્યામાં આવેલ ઓરડીમાં, મારૂતીનંદન હોટલ પાછળ, એસ.જી.હાઇવે જગતપુર) એ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૭/૧૦/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની ઓરડીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૮૩,૫૦૦/- મતાના ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**પાલડીઃ** દીપકભાઈ સ/ઓ ભોગીલાલ શાહ (ઉ.વ.૬૫)(રહે.સોનલ ફ્લેટ જૈનનગર નવા શારદા મંદિર રોડ પાલડી) એ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ફ્લેટના દરવાજાનુ તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫,૪૨,૫૦૦/- મતાના ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**નરોડાઃ** ગૌરીબહેન વા/ઓ જીવારામ પ્રજાપતિ (ઉ.વ.૨૧)(રહે.રશ્મી સંકલ્પ ફ્લેટ, ગોલ્ડન બંગ્લોઝની બાજુમાં, નાના ચિલોડા, નરોડા) એ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી તા.૧૫/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ફ્લેટના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૭/૨૦૨૩**

**રામોલઃ** અશ્મીતાબહેન વા/ઓ નીલેશભાઈ ગોહીલ (ઉ.વ.૨૭)(રહે.સહજાનંદ બંગ્લોઝ પાણીની ટાંકી સામે અર્બુદાનગર રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અશ્મીતાબહેન પોતાના ઘરે “અશ્મીતા બ્યુટી પાર્લર” ચલાવતા હોઇ તા.૦૯/૧૦/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે બે અજાણી સ્ત્રીઓ અશ્મીતાબહેનના ઘરે ચાલતા બ્યુટી પાર્લરમાં આવી “સાત મહિલાઓને બે ટાઇમ તૈયાર થવાનો ઓર્ડર આપવાનો છે” તેમ કહી અશ્મીતાબહેનને વિશ્વાસમાં લઇ તેમનુ ધ્યાન વાતચીતમાં દોરાવી તેમની નજર ચુકવી બે જોડી સોનાની બુટીઓ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હીરેન્દ્રસિંહ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** ઉર્વેશભાઇ કનૈયાલાલ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.કાચા છાપરા બ્લોક નંબર-૧૧ સામે સરદાર બ્રીજ હેલ્થ સ્ટાફ ક્વાટર્સ જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના ઘરના પાછળના ખુલ્લા દરવાજામાંથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બે મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૮/૨૦૨૩**

**ગોમતીપુરઃ** સાહિલભાઇ નયનભાઈ મકવાણા (ઉ.વ.૨૫)(રહે.કસ્ટડીયાની ચાલી, અશોકનગર સામે, પોસ્ટ ઓફિસની બાજુમાં, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બેચરભાઇ ખોડાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** દિવ્યાબહેન ડો/ઓ સોહિલભાઇ સોલંકી (ઉ.વ.૧૬)(રહે.ઇન્દીરાનગરનો ટેકરો કાચા છાપરા જોગણીમાતાના મંદીર સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** અખિલેશસિંગ ખદેરનસિંગ કુર્મી (ઉ.વ.૪૫)(રહે.વિનોબાભાવેનગર વિંઝોલ ગામ સામે જીઆઇડીસી વટવા મુળ વતનઃ ગામ:-રામદેવચક થાના:ઝહાનાબાદ પો.સ્ટ:ભેવડ સિકડીયા જી:ઝહાનાબાદ ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા વિનોબાભાવેનગર સરસ્વતી સ્કુલ પાસે ખુલ્લી જગ્યામા ઝાડીઓમા ઝાડ સાથે શર્ટથી ગાળીયો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી